# સાહિત્ય અને કલ્પના

ધીરુ પરીખ

પાશ્ચાત્ય સાહિત્યમાં તરંગ અને કલ્પનાની ભેદરેખા કૉલરિજે વિગતે ભલે ચર્ચી હોય, પરંતુ તેની પૂર્વે આ બંને બાબતે વિચારણા થયેલી છે. સામાન્ય રીતે તો કલાકૃતિના સર્જનમાં કઈ માનસિક પ્રક્રિયા કાર્યરત હોય છે તેની ચર્ચાવિચારણામાંથી કલ્પના શું છે તેની સમજ બાબતે કઈ માનસિક પ્રક્રિયા કામ કરી રહી હોય છે તે અંગે ચિંતન થયેલું છે. આમ, આ રીતે કલ્પના એ માનસિક પ્રક્રિયા છે, જોકે ઍરિસ્ટોટલ એની કલા-વિવેચનામાં કોઈ માનસિક મહત્તાને સ્વીકારતા નથી. હોમર જેવાએ કલાને પુરાણો (Mythologies)ની સહાયથી ચિત્તમાં જે કંઈ ઉદ્ભવે છે તે કળા અને વિજ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી (Muse)થી પ્રેરણા ઉદ્ભવે છે, જેને સ્મૃતિની પુત્રી ગણવામાં આવે છે. આ હતી કલ્પના વિશેની ગ્રીકોની સમજ. એમાં આમ એક આધિભૌતિક તત્ત્વની દેણગી મહત્ત્વની ગણાતી હતી. પાછળથી પ્લૅટો આ કલ્પના વિશે ચર્ચા કરતાં એની 'Ion' (આયન) નામક રચનામાં આ પ્રમાણે અભિપ્રાય આપે છે :

'The poet is a light and winged and holy thing, and there is no invention in him until he has been inspired, and is out of his senses, and the mind is no longer to him.'

(કવિ તો એક હળવી, પાંખાળી અને પવિત્ર વસ્તુ છે અને જ્યાં સુધી એનામાં પ્રેરણા જાગ્રત ન થાય અને તે રીતે પોતાની જ્ઞાનેન્દ્રિઓથી પર ન થાય તથા એની ચિત્તશૂન્યતા વ્યાપે નહીં ત્યાં સુધી તેનામાં કોઈ નવીન શોધક બુદ્ધિ આવતી નથી.)

ઍરિસ્ટોટલ આવી પૌરાણિક કે રૂપકાત્મક વિચારણાને સંતોષકારક ગણતા નથી. તેઓ કલ્પના માટે જણાવે છે કે તે સ્વયંસ્ફૂરિત (instinctive) હોય છે. પણ સ્ફૂરણા થાય છે કેવી રીતે, ક્યાંથી તે આવે છે ? આવા પ્રશ્નો ત્યાર પછી ચર્ચાનો વિષય બને છે. કલ્પનાની ઉત્પત્તિ બાબતે મધ્યકાળમાં કોઈ માનસશાસ્ત્રીય વિચારણા જોવા મળતી નથી. તેને નિમ્ન પ્રકારનો તર્ક ગણવામાં આવતી. આગળ જતાં શેક્સપીઅર પોતાના નાટક 'અ મિડસમર નાઈટ્સ ડ્રીમ'માં આ કલ્પના વિશેનું વર્ણન આ પ્રમાણે આપે છે :

'The lunatic, the lover and the poet,
Are of imagiation all compact;
... ... ... ...
The poet's eye in a fine frenzy rolling,
Doth glance from heaven to earth, from earth to heaven;
And, as imagination bodies forth
The forms of things unknown, the poet's pen

Turns them to shapes, and gives to airy nothing

A local habitation and a name.'

(પાગલ, પ્રેમી અને કવિ, તદ્દન સઘન કલ્પનાના છે. કવિની દૃષ્ટિ સરસ આવેગયુક્ત અવસ્થાએ સ્વર્ગથી પૃથ્વીલોક તરફ અને પૃથ્વીલોકથી સ્વર્ગ પ્રતિ ઘૂમતી રહે છે; અને કલ્પના સાકાર થાય છે ત્યારે અજાણી બાબતો-ચીજોનાં રૂપને કવિની કલમ સાકાર કરે છે અને જે કંઈ હવાઈ છે તેને સ્થાનિક બનાવીને નામ આપે છે.)

શેક્સપીઅરે આમ સર્જકની કક્ષાએ કલ્પનાનો મહિમા શો છે તે વર્ણવ્યું છે. વાસ્તવમાં જે કંઈ આ ભૌતિક જગતમાં જોવા મળે છે તેને પોતાની સર્જકતાને બળે નવીન રૂપે સર્જક વ્યક્ત કરતો હોય છે ત્યારે જે ચિત્તાવસ્થામાં એ રમમાણ હોય છે તે તેનો કલ્પનાલોક બની રહે છે.

પ્રથમ ઈલિઝાબેથના સમયગાળાના સર્જકો કલ્પના વિશેની પ્લૅટોની વિચારણા-વિભાવનાથી જુદા પડે છે. તેઓનું માનવું છે કે કવિતા વિચારશક્તિની પાર જઈને કે પર થઈને સત્યને ચીંધે છે. આ ખ્રિસ્તી નવ્ય-પ્લૅટોવાદની અસર છે કે કલ્પના દૈવી અંશ છે. તે સ્વર્ગલોક અને પ્રકૃતિની સૃષ્ટિને જોડી આપે છે. આ વિચારને બૅકન (Bacon) પોતાના પુસ્તક 'ધી ઍડવાન્સમેન્ટ ઑફ લર્નિંગ' (The Advancement of Learning)ના દ્વિતીય ખંડમાં કલ્પના વિશેની આ વિચારણાને આ પ્રમાણે વ્યક્ત કરે છે :

'Poetry... was ever thougjt to have some participation a divinesse, because it doth raise and erect the Minde, by submitting the shewes of things to the desires of the Mind, whereas reason doth buckle and bowe the Mind unto the Nature of things.'

(કવિતા હંમેશાં દૈવી તત્ત્વના કંઈક ફાળા તરીકે વિચારાઈ હતી, કારણ કે વસ્તુઓને મનની ઇચ્છાને સમર્પિત કરીને તે મનને ઊંચે લઈ જઈ ટટ્ટાર બનાવે છે, જ્યારે બુદ્ધિ તો વસ્તુઓની પ્રકૃત્તિ સુધી મનને સાંકળે છે અને નમાવે છે.)

અહીં મન અને બાહ્ય પ્રકૃતિના અનુસંધાનની વાત પર ભાર મૂકવામાં આવ્યો છે. આ જ ગાળામાં સર ફિલિપ સિડની પોતાના લેખ 'અપોલૉજી ફૉર પોએટ્રી' (Apologie for Poetrie)માં કલ્પના વિશે થોડી વધારે વિગતે અને સ્પષ્ટતાથી વાત કરે છે. એ કહે છે :

'Poetry is an art of imitation, for Aristotle termeth it in his word mimesis that is to say, a representing, counterfeiting, or figuring forth; to speak metaphiricaly a speaking picture, with this end – to teach and delight.'

(કવિતા અનુકરણની કળા છે, કારણ કે ઍરિસ્ટોટલ એને માટે 'માઈમેસીસ'*

* માઈમેલિસ = નકલ

શબ્દ વાપરે છે, એટલે કે રજૂ કરવું, બનાવટી કરવું કે આકૃત કરવું, રૂપકાત્મક રીતે કહેવું હોય તો આ તરફથી શિક્ષણ આપતું અને આનંદ આપતું એ બોલતું ચિત્ર છે.)

આમ, કલ્પના પ્રકૃતિગત ગતિવિધિરૂપ એક પ્રકારનું અનુકરણ બની રહે છે. આ અનુકરણ એટલે આપણી પંચેન્દ્રિય દ્વારા આપણે બાહ્ય પ્રકૃતિમાં જે અનુભવીએ છીએ તેને બુદ્ધિગત વિચારપ્રક્રિયાથી નવીન રૂપ આપવું. એ રૂપ જે સર્જાય છે તે મૂળ પર આધારિત છતાં નવ્ય રૂપ બની રહે છે. આ નવ્ય રૂપનું સર્જન જેનાથી થાય છે તે કલ્પનાશક્તિ છે. નિરંજન ભગતના એક કાવ્યની આ બે પંક્તિઓ જુઓ :

**'ચલ મન મુંબઈનગરી,**
**જોવા પુચ્છ વિનાની મગરી !'**

અહીં આધુનિક વિકૃત નગરની વાત કરતાં કવિએ તેને 'પુચ્છ વગરની મગરી' કહી જે વાસ્તવિક છે તેને આધારે ચાક્ષુસ અનુભૂતિ દ્વારા પૂંછડી વગરની બેડોળ-વિકૃત મગરીની કલ્પના કરી છે.

તો કબીર વણકર હોઈ પોતાના વ્યવસાયમાંથી વસ્તુ પસંદ કરી તેને કલ્પનાના રંગે સાકાર કરી બતાવે છે :

**'ઝીની ઝીની બીની ચદરિયા.**

... ... ...

**જો ચાદર સૂર, નર, મુનિ ઓઢૈ, ઓઢ કે મૈલી કિની ચદરિયા;**
**દાસ કબીર જતનસે ઓઢી જ્યોં કિ ત્યોં ધર દિની ચદરિયા.'**

કબીરે અહીં જે ચાદર વણવાની વાત કરી તે જીવનરૂપી ચાદર છે. આમ કલ્પનાનો આધાર ભૌતિક અનુભવો-ચીજો-પ્રસંગો પર રહેલો છે અને એની આંતર મન પર જે છાપ પડતી હોય છે તેને કવિ-સર્જક કોઈ ઐન્દ્રીય અનુભવવાણીથી અભિવ્યક્ત કરતો હોય છે.

પશ્ચિમમાં કલ્પના વિશેની જે વિચારણા ચાલી તેમાં સત્તરમી સદીમાં થૉમસ હૉબ્સ (Thomas Hobbes) થોડું પરિવર્તન લાવે છે. સાહિત્યિક સિદ્ધાન્તને થૉમસ હૉબ્સે માનસશાસ્ત્રીય દૃષ્ટિકોણથી એક નવું પરિમાણ આપ્યું. ધર્મશાસ્ત્રોએ આપેલા દૃષ્ટિબિંદુમાં એણે ભૌતિક અનુભવોથી થતા જ્ઞાનનો વધુ મહિમા કર્યો. એના મતે સર્વ પ્રકારનું જ્ઞાન માણસ પોતાની જ્ઞાનેન્દ્રિયના અનુભવથી પ્રાપ્ત કરે છે. ઈ. ૧૬૫૧માં લખાયેલી પોતાની વિખ્યાત કૃતિ 'લેવિએથન' (Laviathan)માં તે જણાવે છે :

'...there is no conception in a man's mind, which hath not at first totally, or by parts, been begotten upon the organs of sense.'

(...માણસના મનમાં એવો કોઈ ખયાલ નથી કે જે આરંભે પૂર્ણપણે કે આંશિક રીતે, ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત ન થયો હોય.)

એના મતે કલ્પના પર ન્યાયબુદ્ધિનો સંપૂર્ણ કાબૂ હોવો જોઈએ. એટલે કે બુદ્ધિગમ્ય ના હોય તેવા તરંગો કલ્પના બની શકતા નથી. આમ, કલ્પના માત્ર તર્કાધારિત કોઈ અસંબંધિત વાત-વિચારને વ્યક્ત કરતી નથી, પણ તે રસાર્દ્ર અભિવ્યક્તિને પોષે છે. આમ કલ્પના એ કોઈ પાગલનો લવારો નથી, પણ જ્ઞાનદગ્ધ-અનુભવી સર્જકની ભૌતિક સ્મૃતિને આધારે રચાયેલ નવ્ય સર્જનસૃષ્ટિ છે.

ત્યાર પછી જોહ્ન લોકે (John Locke) ઈ. સ. ૧૬૯૦ની આસપાસ પોતાના દીર્ઘ નિબંધ 'એસે કન્સર્નિંગ હ્યુમન અન્ડરસ્ટેન્ડિંગ' (Essay Concerning Human Understanding)માં જણાવ્યું કે માણસનું મગજ એક કાળા કાગળ જેવું છે. એના પર બાહ્યજગતની છાપો પ્રસરતી રહે છે. આ સ્મરણમાં સંગૃહીત બાહ્યજગતના અનુભવોને પછી સર્જક પોતાની સર્જનાત્મક મનઃસ્થિતિમાં પુનઃ જાગ્રત કરીને એને બુદ્ધિના સહારે રસાર્દ્ર રીતે અભિવ્યક્ત કરતો હોય છે, જેમાં આ કલ્પનાશક્તિનો મોટો ફાળો છે.

ત્યાર પછી લોકની આ વિચારણાને ઍડિસને પોતાના 'સ્પેક્ટેટર' (Spectator) પત્રમાંના 'ધ પ્લેઝર્સ ઑફ ધી ઈમેજિનેશન' (The Pleasures of the Imagination) નામક લેખમાં વિગતે ચર્ચી છે. આ કલ્પનાશક્તિની કોઈ મર્યાદા નથી. સર્જકને તે રસાનુભવ કરાવવા નિર્મર્યાદ ઘૂમતી રહે છે. ઍડિસન પોતાના આ સ્પેક્ટેટરના ૪૧૭માં ક્રમે જણાવે છે કે –

''... any single circumstance of what we have formerly seen often raises up a whole Scene of Imagery and awakens numberless Ideas that slept in the Imagination.'

[...કોઈ પણ પ્રસંગ (કે બનાવ) જે અગાઉ આપણે નિહાળી ચૂક્યા હોઈએ તે આખો જ પ્રસંગ કલ્પનામાં ખડો થાય છે અને અનેક વિચારોને જન્માવે છે કે જે આપણી કલ્પનામાં સુષુપ્ત પડેલા છે.]

કવિ ન્હાનાલાલે ચાંદનીનો જે આહ્‌લાદક અને અવર્ણનીય અનુભવ કર્યો હશે તે તેમના ચિત્તમાં જડાઈ ગયેલો. એ અનુભવે જે અનેક કલ્પનો જન્માવ્યાં હશે તે આધારે તેમણે 'ઇન્દુકુમાર-૧' નાટકમાં આ પ્રમાણે ગીત રચ્યું છે :

**'ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન !**
**ફૂલડાંકટોરી ગૂંથી લાવ :**
**જગમાલણી રે બ્હેન !**
**અમૃત અંજલિમાં નહિ ઝીલું રે બ્હેન !'**

અહીં 'ફૂલડાંકટોરી'નું કલ્પન અને 'જગમાલણી'નું સંબોધન તેમના કવિમાનસમાં ચાંદની રૂપી અમૃતનો જે આનંદ છવાયો હશે તેનું સુચારુ કલ્પનામઢ્યું શબ્દચિત્ર અંકાયું છે.

અંગ્રેજીમાં અઢારમી સદીના અંતે પ્રયોગમૂલક પરંપરા – empiricist tradition – સામે માથું ઊંચકનાર કવિ વિલિયમ બ્લેકે પોતાના 'એવરલાસ્ટિંગ ગૉસ્પેલ' (Everlasting Gospel) કાવ્યમાં આલેખ્યું છે :

'This life's five windows of the soul
Distorts the Heaven from pole to pole,
And leads you to believe a lie
When you see with, not through, the eye.'

(આ જીવનમાં આત્માની પાંચ બારીઓ સ્વર્ગને એક છેડેથી બીજે છેડે સુધી બગાડી નાખે છે, અને તમને જુઠ્ઠું માનવા તરફ દોરી જાય છે, જ્યારે તમે દૃષ્ટિ સોંસરવું નહિ પણ માત્ર આંખથી નિહાળો છો.)

અહીં બ્લેક માત્ર ઇન્દ્રિયોના અનુભવોથી પાર નીકળી જઈ મન-મગજથી અવલોકવાની બાબત પર ભાર મૂકે છે અને તેને તે કલ્પના લેખે આલેખે છે. અલબત્ત આ વિચારણા બાબતે પણ પછીના સર્જક-વિવેચકોમાં મતભેદ તો રહ્યા જ છે. ૧૯૫૩માં પ્રકટ થયેલા ટી.એસ. એલિયટના પુસ્તક 'સિલેક્ટેડ પ્રોઝ'માં તેઓ કહે છે :

'We have the same respect for Blake's philosophy... that we have for am ingenious piece of home-made furniture : we admire the man who put it together out of the odds and ends about the house.''

એલિયટ કહે છે કે ઘરે તૈયાર કરેલા કોઈ કરામતવાળા રાચરચીલાનો એક ભાગ આપણી પાસે હોય છે, જેના માણસે ટુકડા ટુકડા ભેગા કરીને એમાંથી જે આકાર સર્જ્યો હોય તેને આપણે પ્રશંસીએ છીએ. એટલે કે માત્ર જે આકાર કે સ્વરૂપ આપણી સામે આવે છે તે ઘણા વિવિધ વિભાગોથી બનેલ હોય છે. આમ આપણો અનુભવ કલ્પનાજન્ય સર્જનમાં પરિણમે છે ત્યારે પણ તે પૂર્વેના વિવિધ છૂટક-ત્રૂટક અનુભવોનો પણ તેમાં ફાળો હોય છે.

વાત એટલી જ છે કે ચિત્તમાં ભૌતિક અનુભવ એકત્રિત થતા રહે છે અને કોઈ પ્રેરક પળે તેમાંથી કલ્પનાને જોરે કોઈ કલ્પન નિષ્પન્ન થઈ કવિતામાં અવતરે કે ગદ્યકૃતિમાં અવતરે છે. આમ, સર્જનમાં કલ્પનાનો મહિમા શો છે તેની ચર્ચા થતી રહી છે અને અંતે તે, ઉપર જોયું તેમ, ચિત્તમાં સંઘરાયેલ કોઈ ઐન્દ્રીય અનુભવમાંથી કલ્પન કે કલ્પનો જન્મતા હોય છે તે આ કલ્પનાનો સર્જનાત્મક વિશેષ છે.